# વય નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણુંક માટેની જાહેર નિવિદા

કમિશનર, આદિજાતિ વિકાસની કચેરીના તાબા હેઠળની સંકલિત આદિજાતિ વિકાસ પરીયોજના કચેરીઓ માટે મંજુર થયેલ વર્ગ-૨ સંવર્ગની કોલમ-(૨) માં દર્શાવેલ વિવિધ ખાલી જગ્યાઓ કોલમ-(૪) માં દર્શાવેલ હોદ્દાથી અથવા તે જ સંવર્ગના સમકક્ષ હોદ્દાથી વય નિવૃત થયેલા અધિકારીશ્રીઓને વય નિવૃતી બાદ કરારના ધોરણે નિમણુંક આપી ભરવાની થાય છે.

| ક્રમ નં. | ખાલી જગ્યાનું નામ | સમકક્ષ હોદ્દો | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) |
| ૧ | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (વન) | રેન્જ ફોરેસ્ટ ઓફીસર / એ.સી.એફ. | ૫ |
| ૨ | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (ખેતી) | ખેતીવાડી અધિકારી (વર્ગ-૨) | ૮ |
| 3 | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (પશુપાલન) | પશુપાલન અધિકારી/વેટરનરી ઓફીસર (વર્ગ-૨) | ૫ |
| ૪ | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (સહકાર) | મદદનીશ રજીસ્ટ્રાર / નાયબ રજીસ્ટ્રાર (વર્ગ-૨) | ૫ |
| ૫ | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (ખેતી / પશુપાલન) | ખેતીવાડી અધિકારી / પશુપાલન અધિકારી / વેટરનરી ઓફીસર (વર્ગ-૨) | ૪ |
| ૬ | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (જનરલ) | મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૭ | હિસાબી અધિકારી | તિજોરી અધિકારી / હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૫ |
| ૮ | નાયબ કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) | મદદનીશ ઈજનેર / નાયબ કાર્યપાલક ઈજનેર (વર્ગ-૨) | ૧૦ |
| | | કુલ ખાલી જગ્યાઓ | ૪૩ |

ઉકત કોલમ-(૪) માં દર્શાવેલ જગ્યા અથવા તે સંવર્ગની સમકક્ષ જગ્યા પરથી વય નિવૃત્ત થયેલ હોય અને સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૭/૭/૨૦૧૬ ના ઠરાવની જોગવાઈઓ પરીપૂર્ણ કરતાં હોય અને તેમાં દર્શાવેલ બોલીઓ અને શરતો અને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબના મહેનતાણાં મુજબ કરાર આધારીત નિમણુંક મેળવવા માંગતા વય નિવૃત્ત/નિવૃત્ત અધિકારીશ્રીઓ પાસેથી તમામ જરૂરી વિગતો સાથેની અરજી નિયત નમુનામાં મંગાવવામાં આવે છે. અરજીનો નમુનો https://comm-tribal.gujarat.gov.in/ વેબસાઇટ પર ન્યુઝ એન્ડ ઇવેન્ટસ સેકશનમાંથી ડાઉનલોડ કરી શકાશે.

**નોંધ:**

(૧) આ જગ્યાઓ માટે અરજદારને રાજયના ૧૪ આદિજાતિ જીલ્લાઓ પૈકી કોઈપણ જીલ્લામાં નિમણુંક મળી શકે છે.

(૨) અત્રેની કચેરી નિમણુંક માટેની પ્રક્રિયા હાથ ધરશે. સરકારશ્રીની સક્ષમ કક્ષાએથી નિમણુંક અંગેના હુકમો થયેથી નિમણુંક મળી ગણાશે.

(3) ખાલી જગ્યા પર નિયમિત અધિકારીથી નિમણુંક અથવા ૧૧ માસ એ બેમાંથી જે વહેલું હોય તેવા સમયગાળા માટે જ આવી કરાર આધારીત નિમણુંક ચાલુ રહેશે.

નાયબ કમિશનર
આદિજાતિ વિકાસ, ગુ.રા. ગાંધીનગર.